ગાંધીનગર જિલ્લાના કંથારપુર વડ માટે બજેટમાં ૧૦ કરોડ ફાળવાયાં

પરિવાર સાથે પિકનિક માટે પ્રસિદ્ધ અને માતાજીના વડ તરીકે જાણીતા આ સ્થળનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થશે

ગાંધીનગર, તા. ૩

આજે વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી તથા નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે વર્ષ ૨૦૨૧-૨૨નું અંદાજપત્ર રજૂ કર્યુ હતુ જેમાં ગાંધીનગર જિલ્લાના કંથારપુર ગામે મહાકાળી માતાના વડ તરીકે જાણીતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભૂતકાળમાં લીધેલી આકસ્મિક મુલાકાતને કારણે પ્રસિદ્ધ થયેલાં કંથારપુર વડના વિકાસ માટે રૂપિયા ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાણાંમંત્રીએ આ બજેટ કંથારપુર વડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ફાળવ્યું છે.

''મીની કબીરવડ'' કે 'મોટીવડ'' જેવા નામોથી પણ જાણીતા બનેલા કંથારપુર વડ જેને સ્થાનિકો દ્વારા વર્ષોથી ''મહાકાળી માતાના વડ'' તરીકે ઓળખવામાં આવે છે તે અંદાજે ૫૦૦ વર્ષની વય ધરાવતો હોવાનું માનવામાં આવે છે. આશરે અડધા એકર જેટલી જગ્યામાં વિશાળ ડાળીઓ અને વડવાઈઓ સાથે ફેલાયેલ આ વડ પરિવારજનો સાથે પિકનિક માટે ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાઓમાં જાણીતો છે. આ વડને વર્ષ ૨૦૦૬માં પ્રવાસન સ્થળ તરીકે જાહેરાત કરવામાં આવી હતી અને છેલ્લે કરવામાં આવેલા સર્વે મુજબ તેની ઉંચાઈ ૪૦ મીટર સુધીની હોવાનું નોંધાયુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે વડના સાનિધ્યમાં મહાકાળી માતાજીનું મંદિર છે અને દર વર્ષે નવરાત્રીમાં અહીં લોકમેળો પણ ભરાય છે. સ્થાનિકોની શ્રદ્ધાના કેન્દ્ર સમા આ વડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બજેટમાં રૂ. ૧૦ કરોડની જોગવાઈથી આ સ્થળ તથા તેના પગલે આસપાસના વિસ્તારનો પણ વિકાસ થશે.

ટાઉનહોલના રીનોવેશન માટે બજેટમાં ૧૬ કરોડની જોગવાઈ

ટાઉનહોલની બેઠક વ્યવસ્થા, સ્ટેજ, લીફ્ટ, કલાકારો માટે ગ્રીનરૂમ, એ.સી. પ્લાન્ટ તેમજ બગીચાનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા એક વર્ષથી બંધ હાલતમાં છે. જેના લીધે નગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ થતુ નથી ટાઉનહોલનુ રીનોવેશન હાથ ધરવા માટે છેલ્લા બે વર્ષથી આયોજન થઈ રહ્યુ છે. પરંતુ હજુ સુધી કામગીરી હાથ ધરવામાં આવી નથી. જો કે આ રજુ થયેલા અંદાજપત્રમાં ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. જેથી ટુંકમાં જ ટાઉનહોલને નવા રૂપરંગ આપવાની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા ઘણાં સમયથી મરણપથારીએ છે. જયારે આ ટાઉનહોલ એક વર્ષથી સદંતર બંધ હાલતમાં છે. અગાઉ ટાઉનહોલમાં રોજબરોજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ

આયોજન પણ કરવામાં આવતુ હતુ જયારે હાલની સ્થિતિએ આ સઘળા આયોજનો પડતા મુકાયા છે. જગ્યાના અભાવે નગરની સાંસ્કૃતિક સંસ્થાઓ પણ કાર્યક્રમનુ આયોજન કરી શકતી નથી. ટાઉનહોલ ખંડેર હાલતમાં છે. ત્યારે લાંબા સમયથી હોલના રીનોવેશન માટે વાતો થતી હતી આખરે ટાઉનહોલના રીનોવેશન માટે આયોજન કરી દેવાયુ છે.જયારે આજે રજુ થયેલા બજેટમાં ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૧૬ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જેના અંતે હાલ ટાઉનહોલમાં નવા એ સી પ્લાન્ટ સાથે ઈલેકટ્રીફિકેશન તેમજ અદ્યતન સ્ટેજ અને સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા પણ કરાશે આ ઉપરાંત ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ બદલાશે. હોલનુ કન્સ્ટ્રકશન યથાવત રહેશે જયારે પાર્કીંગ પણ ખુલ્લુ હોવાના લીધે યથાવત રખાશે ટાઉનહોલ સામેના બગીચાને પણ નવા રૂપરંગ આપવામાં આવશે આ ઉપરાંત ટાઉનહોલમાં બે નવી લીફ્ટ મુકાશે જયારે કલાકારો માટે નવા ગ્રીન રૂમ પણ બનાવાશે. આમ ટાઉનહોલની કાયાપલટ કરવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. બજેટમાં પણ ટાઉનહોલના રીનોવેશન માટે અંદાજિત રૂ ૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેના લીધે ટાઉનહોલની સિકલ બદલાઈ જશે. લાંબા સમય બાદ ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ સજીવન થતા કલાકારો તેમજ સ્થાનિક સાંસ્કૃતિક સંસ્થાઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. ટુંકમાં જ હોલના રીનોવેશનની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય હેઠળ તંત્રને ૨૦ અરજી મળી હતી જે પૈકી ૧૬ કિસ્સામાં ૭.૭૦ હજારની સહાય ચુકવવામાં આવી હોવાનું ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરના લેખિત પ્રશ્નમાં જણાવાયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૪૩૧૦ સોલાર રૂફટોપ હેઠળ ઘર વપરાશના વીજ ગ્રાહકોની અરજીઓ મળી હતી. જે અરજીઓની વીજ ઉત્પાદન ક્ષમતા ૧૬,૭૯૩ કિલો વોટ છે.
- આગામી ૭ મી માર્ચ સુધીમાં જિલ્લામાં તાપમાનનો પારો ૩૭ ડિગ્રી સુધી પહોંચી જશે.
- દહેગામ કોંગ્રેસ ઈ.વી.એમ. પ્રતિ બંધિત કરવાની માંગ સાથે આંદોલનના શ્રીગણેશ કર્યા છે.
- એક રાજકીય આગેવાન મૃત્યુ પામેલા વ્યક્તીઓના નામ મતદાર યાદીમાંથી તાત્કાલિક અસરથી કમી કરવા જોઈએ તેવી માંગ સાથે કચેરીઓમાં રજુઆત કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૫૦૦ થી વધુ લોકોએ કોરોના વેક્સીનેશનનો લાભ લીધો છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના નવા કેસ એક સરખા નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે એક હિન્દુ યુવતીને લઘુમતી કોમના યુવક દ્વારા લલચાવી-ફોસલાવી છેલ્લા ૧૦ દિવસથી ભગાડીને લઈ ગયા હોવાની ફરિયાદ સાથે શહેરના બજરંગ દળના કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને જો બે દિવસમાં પીડિત યુવતી પરત નહીં સોંપાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી હતી. બજરંગદળ દ્વારા કલોલમાં આંદોલન દરમિયાન લવ જેહાદ વિરૂધ્ધ રેલી યોજવાની અને તમામ હિન્દુ સંગઠનોને આ મુદ્દે એક કરીને બંધનું એલાન આપવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

જિલ્લામાં ૧૦ નવા કેસ : ૧૧ને ડિસ્ચાર્જ

સરગાસણમાં ૩ વર્ષનો બાળક કોરોનાની ઝપટે ચડ્યો : સરગાસણમાં બે કેસ સહિત પેથાપુર, રાંધેજા અને રખિયાલમાંથી કેસ મળ્યા : શહેરના સે. ૨, ૬, ૭, ૧૬ અને ૨૩ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર નોંધાતા તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ દહેગામ તાલુકામાં નોંધાયો છે. આજે નોંધાયેલ કેસમાં એક ૩ વર્ષના બાળક ઉપરાંત ૩ યુવા દર્દીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામે ૩ વર્ષના બાળક સહિત બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત પેથાપુર અને રાંધેજામાંથી કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકાના રખિયાલમાંથી ખાનગી નોકરી કરતા ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૧૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૬૬૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ પાંચ કેસ કોરોનાના નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક પોલીસ ઈન્સ્પેક્ટર, સિનીયર ક્લાર્ક, જીઓલોજી અને માઈનીંગનો કર્મયોગી તેમજ બેંક ઓફ બરોડાના કર્મયોગીનો સમાવેશ થાય છે.

આજે સે. ૨, ૬, ૧૬, ૨૩ અને સે. ૭ માંથી કેસ મળી આવેલ છે. આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ભાજપ હોય કે અન્ય પાર્ટી ત્રણ ભાગીદાર રાજ્યો ૭૦૦૦ કરોડ ચૂકવતાં નથી

ભાજપ શાસિત મધ્યપ્રદેશની સરકાર પાસેથી સૌથી વધુ ૪૭૬૪ કરોડ રૂપિયા લેવાના નિકળે છે

ગાંધીનગર, તા. ૩

ગુજરાતની બહુહેતુક નર્મદા યોજનાનો લાભ લઈ રહેલા પાડોશી રાજ્યો ગુજરાત સરકારને બાકી રૂપિયા આપતાં નથી. આ નિગમ ત્રણ રાજ્યો પાસે ૬૯૩૪ કરોડ રૂપિયા માગે છે. છેલ્લા બે વર્ષથી પત્ર વ્યવહાર કરવામાં આવે છે છતાં રાજ્યો બાકી રકમ ચૂકવતાં નથી.

રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં જ્યારે ભાજપની સરકાર હતી ત્યારે પણ આ બાકી રૂપિયા મળતા ન હતા અને હવે જ્યારે રાજસ્થાનમાં કોંગ્રેસ અને મહારાષ્ટ્રમાં ત્રણ પાર્ટીઓની સંયુક્ત સરકાર છે ત્યારે પણ બાકી રૂપિયા મળતા નથી. ભાજપ શાસિત મધ્યપ્રદેશ રાજ્યના બાકી નાણાંનો આંકડો સૌથી મોટો ૪૭૬૪.૩૫ કરોડ રૂપિયા છે. ગુજરાત સરકાર આ રાજ્યને પત્ર લખી માગણી કરે છે.

એ ઉપરાંત રાજસ્થાન પાસેથી ૫૪૨.૧૮ કરોડ અને મહારાષ્ટ્ર પાસેથી ૧૬૨૭.૬૬ કરોડ રૂપિયા બાકી છે. આ ભાગીદાર રાજ્યો ગુજરાતની નર્મદા યોજના થકી પેદા થતી વીજળીના લાભ મેળવી રહ્યાં છે પરંતુ બાકી રકમ આપતાં નથી. રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ લેખિતમાં જણાવ્યું છે કે ત્રણ રાજ્યો પાસેથી ૭૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતને મળતા નથી.

તેમણે કહ્યું હતું કે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રની સરકારમાં પુનવર્સન પેટે ૧૩૫૧.૩૩ કરોડ, વ્યાજખર્ચ પેટે ૩૬૯૦.૭૦ કરોડ મળીને કુલ ૫૦૪૨.૦૩ કરોડ વિવાદિત રકમ થાય છે જ્યારે બિન વિવાદિત રકમનો આંકડો ૧૮૯૨.૧૬ કરોડ થવા જાય છે. રાજ્ય સરકાર તરફથી દર મહિને એક પત્ર લખવામાં આવે છે પરંતુ પ્રત્યુત્તરમાં સરકારને બાકી રકમ મળતી નથી.

ગાંધીનગરની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ગરમીમાં માસ્ક સાથે કામ કરવુ જોખમી

ગાંધીનગર, તા. ૩

ઉનાળાની કાળઝાળ ગરમીમાં વકીલોને ગાંધીનગરની અદાલતોમાં માસ્ક પહેરીને કામકાજ કરવાથી શ્વાસોશ્વાસની તકલીફ પડી રહી છે. પાટનગરની કોર્ટમાં એરકન્ડીશન ના હોવાને કારણે માસ્ક પહેરવાથી શ્વાસ લેવા ઉપરાંત ગંભીર તકલીફો થવાનું જોખમ હોવાની ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને રજૂઆત કરી છે.

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનમાં તા. ૧લી માર્ચે આ મુદ્દે યોજાયેલી તાકીદની મીટીંગમાં એસોસિએશનના પ્રમુખ સલીમ મોદન તથા મહામંત્રી હિતેષ બી. રાવલના અધ્યક્ષસ્થાને ચર્ચા હાથ ધરી પસાર કરવામાં આવેલા ઠરાવમાં જણાવ્યું છે કે ડિસ્ટ્રિક્ટ કોર્ટનું બિલ્ડીંગ ત્રણ માળનું છે જેમાં ક્ષમતા કરતાં ઘણી કોર્ટો ચાલે છે. આ સ્થિતિમાં આગામી ઉનાળાના દિવસોમાં જ્યારે અસહ્ય ગરમી પડવાની શક્યતા રહેલી છે ત્યારે કોર્ટની છત ખૂબ જ તપવાથી કોર્ટના કર્મચારીઓ તેમજ અધિકારીઓને કામ કરવાનું મુશ્કેલ બને છે. અત્યારે વૈશ્વિક સ્તરે કોરોના મહામારી પ્રસરી હોવાથી ગુજરાત હાઈકોર્ટે સંક્રમણ ના ફેલાય તે હેતુથી માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યુ છે ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીમાં માસ્ક પહેરવાથી શ્વાસોશ્વાસમાં તકલીફ સાથે અન્ય ગંભીર તકલીફો સર્જાઈ શકે છે અને માસ્ક પહેરીને કામકાજ કરવું મુશ્કેલ બને છે જેના કારણે કોર્ટમાં કાર્યરત માનવ જીવન પર જોખમ ખડુ થવાની શક્યતા પણ બાર એસોસિએશને વ્યક્ત કરી છે.

ઉનાળાનું આગમન મસાલાની સોડમ લઈને આવે છે. જેમાં ગૃહિણીઓ પોતાના ઘર માટે આખા વર્ષ માટે તાજા મરી-મસાલા-તેજાના ભરી લેવા કાર્યરત બને છે. આ કાર્યમાં મરી-મસાલાની ખરીદી, તેને સાફ કરવા, ખાંડવા, ચાળવા તથા યોગ્ય બરણી કે ડબ્બામાં હવાચુસ્ત રીતે બંધ રહે તે રીતે જરૂરી પ્રક્રિયા બાદ ભરવા સહિતના કાર્યોમાં ગૃહિણીઓ વ્યસ્ત જોવા મળે છે.

ધોલેરાને સિંગાપુર કરતાં પણ મોટું ઈન્ડસ્ટ્રીયલ સિટી તરીકે વિકસાવાશે

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૩ નવી ઔદ્યોગિક વસાહતો બની છે, ગુજરાતમાં ૩.૫ ટકાના સૌથી ઓછો બેરોજગારી દર હોવાનો દાવો

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં ગિફ્ટ સિટી પછી ધોલેરા સિટીનો વિકાસ કરવા માટે કેન્દ્રની સાથે રાજ્ય સરકારે તૈયારી દર્શાવી છે. કેન્દ્ર સરકાર ધોલેરામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનાવી રહી છે ત્યારે ગુજરાત સરકાર પણ માર્ગ, વીજળી અને પાણી સહિતની સુવિધાઓ ઉભી કરીને ધોલેરાનો વિકાસ કરી રહી છે.

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું છે કે ધોલેરા એ ભારતમાં એકમાત્ર એવું સિટી બનશે કે જે સિંગાપુર કરતાં પણ મોટું ઈન્ડસ્ટ્રીયલ સિટી તરીકે ઉભરી આવશે. રૂપાણીએ દાવો કર્યો હતો કે ગુજરાતમાં સૌથી ઓછો ૩.૫ ટકાનો બેરોજગારી દર છે. એટલે કે દેશમાં રોજગારી આપવામાં ગુજરાત અગ્રેસર છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૩ ઔદ્યોગિક વસાહતોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આગામી સમયમાં ગુજરાત બહુમાળી ઔદ્યોગિક વસાહતોનું નિર્માણ કરવા તરફ આગળ વધી રહી છે. સરકાર રાજ્યના પ્રત્યેક જિલ્લામાં વસાહતો સ્થાપવા માગે છે. પ્રત્યેક જિલ્લાની વિશેષતા છે કે જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પોટેન્શીયાલીટી મુજબ કામગીરી કરી ઔદ્યોગિક વસાહતોનું નિર્માણ થાય છે.

રૂપાણીએ કહ્યું હતું કે ધોલેરાને ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સીટી તરીકે વિકસાવીને સિંગાપોર કરતા પણ મોટું ઈન્ડસ્ટ્રીયલ સીટી તરીકે નિર્માણ કરવાનું આયોજન છે. રાજ્યના ઉર્જામંત્રી સૌરભ પટેલે કહ્યું હતું કે, ટ્રાયબલ વિસ્તારમાં પણ જીઆઈડીસીનું નિર્માણ થઈ રહ્યું છે. તાપી જિલ્લાના ડોસવાડામાં વસાહતના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે માટે વેદાન્ત ગ્રૂપ સાથે સમજૂતી કરાર પણ સરકારે કર્યો છે.

સેકટર-૨૯ ખાતે આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે રહેતા આધેડે ઘરમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિવારના સભ્યોએ બીજા રૂમમાં લટકી રહેલા મૃતદેહને જોઈ બુમાબુમ કરતા તાત્કાલીક પાડોશી એકઠા થઈ ગયા હતા. છોટા ઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવાના મૃતક ભત્રીજા થતા હોવાથી તેઓ પણ સેકટર-૨૯ ખાતે દોડી આવ્યા હતા. સેકટર-૨૧ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૯ બ્લોક નં.૧૪૮-૫ ખાતે રહેતા પ્રતાપસિંહ પોપટસિંહ રાઠવા પોતાની પત્ની અને દિકરી સાથે રહેતા હતા. ગાંધીનગરના અરણ્ય ભવન ખાતે તેઓ પ્યુન તરીકે ફરજ બજાવતા હતા. મંગળવારના રોજ પરિવારના સભ્યો સુઈ ગયા હતા. ત્યારે બુધવારના રોજ સવારે ઉઠીને જોયુ તો બીજા રૂમમાં પ્રતાપસિંહનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. રાત્રીના કોઈપણ સમયે દોરી વડે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. સવારના સમયે અચાનક હોહા થતા પાડોશમાં રહેતા નાગરીકો દોડી આવ્યા હતા. તેઓએ તાત્કાલીક મૃતદેહને નીચે ઉતાર્યો હતો. બનાવની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે આવી ગઈ હતી. જયારે ધારાસભ્ય મોહનસિંહ રાઠવા પણ બનાવની જાણ થતા આવી પહોંચ્યા હતા.

એડવોકેટ અશ્વિન ત્રિવેદીને પ્રાઈડ ઓફ ઇન્ડિયા એવોર્ડ એનાયત

ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને સામાજિક કાર્યકર અશ્વિન ત્રિવેદીને તાજેતરમાં ઈંડો- યુ. કે. કલ્ચરલ ફોરમ દ્વારા શ્રી રામદાસ આઠવાલે, યુનિયન મિનિસ્ટર, ગવર્નર ઓફ ઈન્ડિયા, શંકર લાલવાણી (મેમ્બર ઓફ પાર્લામેંટ) ઈન્દોર તથા વિનય કપૂર (આસી. પોલીસ કમિશ્નર, ઈન્દોર) ના હસ્તે પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ કોરોના કાળમાં કરેલ સામાજિક સેવાના કદર રૂપે એનાયત ઈન્દોર ખાતે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેચ્યાના ચેરમેન સંતોષ શુક્લા તથા દિવાકર શુક્લા તેમજ સ્વિટ્ઝરલેન્ડના પ્રતિનિધિ જેચલર દંપતીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

'વચને કિં દરિદ્રતા' : ગુજરાતમાં ૫ વર્ષમાં ૨ લાખને સરકારી, ૨૦ લાખને પ્રાઈવેટ જોબ

કોરોના સંક્રમણ અને લોકડાઉનમાં લાખો યુવાનોની નોકરી ગઇ છે ત્યારે નાણામંત્રીએ વિધાનસભામાં આશ્વાસન આપ્યું છે, વાયદો કર્યો છે

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના સંક્રમણ સમયે લોકોની રોજી-રોટી છીનવાઈ રહી છે ત્યારે સરકારે યુવાનોને આશ્વાસન આપતાં કહ્યું છે કે અમે બે લાખ યુવાનોને સરકારી તેમજ અર્ધ સરકારી નોકરી આપીશું, જ્યારે પાંચ વર્ષમાં ૨૦ લાખ લોકોને રોજગારી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

રાજ્યના નાણામંત્રી નીતિન પટેલે બજેટની રજૂઆત કરતાં કહ્યું હતું કે અમે સરકારી કચેરીઓ, બોર્ડ-નિગમ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભરતી કરીને બે લાખ લોકોને સરકારી તેમજ અર્ધ સરકારી નોકરી આપીશું. એટલું જ નહીં પાંચ વર્ષમાં અલગ અલગ સેક્ટરમાં મળીને કુલ ૨૦ લાખને રોજી મળે તેવી તકોનું સર્જન કરવાના છીએ.

તેમણે કહ્યું કે ગુજરાત સરકાર દ્વારા બોર્ડ નિગમ, સરકારી કચેરીઓ, ગ્રાન્ટેબલ સંસ્થાઓ તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ગ્રાન્ટ આપવામાં આવે છે. સરકારી કર્મચારીઓને સરકાર પગાર ચુકવે છે, અત્યારે રોજગારી મોટો વિષય છે ત્યારે રોજગારીની આવશ્યકતા રહે છે. સરકાર દ્વારા સરકારી, અર્ધ સરકારી તેમજ પ્રાઈવેટ નોકરીઓની વ્યવસ્થા કરવામાં આવશે.

નીતિન પટેલે રોજગારીની તક અંગે કહ્યુ કે, ''પાંચ વર્ષમાં યોગ્ય લાયકાત ધરાવતા ક્વોલિટી મેરીટ આધારિત બે લાખ યુવાનોને રાજ્ય સરકાર ભરતી કરશે. આ ભરતી રોજગાર મેળા દ્વારા ઉભી કરાશે. એ ઉપરાંત પાંચ વર્ષમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટર, ફાર્મા સેક્ટર, એનર્જી, એન્જિનિયરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈટી, પ્રવાસન, હોસ્પિટાલિટી, ફૂડ પ્રોસેસિંગ, બેંકિંગ, સર્વિસ સેક્ટરમાં યુવાનો માટે ૨૦ લાખ યુવાનોની રોજગારી આપવામાં અમે પ્રયાસ કરવાના છીએ.